TG-FAME Series

(Target Group Financial Awareness Messages)

લક્ષ્ય જૂથ નાણાકીય જાગૃતિ સંદેશાઓ




# સ્વ સહાય જૂથો માટે નાણાકીય સાક્ષરતા



## સ્વ સહાય જૂથો

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ - ભારતીય રિઝર્વ બેંક

**સંદેશ 1**

સ્વ સહાય જૂથો (એસએચજીસ) ના સેવિંગ્સ બેંક ખાતાઓ માટે ‘‘તમારા ગ્રાહકને જાણો (કેવાયસી)’’

**સંદેશ 2**

માર્જીન અને સિક્યોરીટી ધોરણો

**સંદેશ 3**

સ્વૈચ્છિક બચત

**સંદેશ 4**

એસએચજી ના સારા સિદ્ધાંતો - ભાગ 1

**સંદેશ 5**

એસએચજી ના સારા સિદ્ધાંતો - ભાગ 2



## સ્વ સહાય જૂથો એસએચજી (SHG)




## સંદેશ 1 : સ્વ સહાય જૂથો (એસએચજીસ) ના સેવિંગ્સ બેંક ખાતાઓ માટે "તમારા ગ્રાહકને જાણો (કેવાયસી)"

ધારો કે તમે કરકસર અને ધિરાણની પ્રવૃત્તિમાં સામેલ થવા માટે 10-20 લોકોના એક સ્વ સહાય જૂથ (એસએચજી) ની સ્થાપના કરી છે અને તમે એસએચજી માટે બચત ખાતું ખોલાવવા માંગો છો.

**સ્વ સહાય જૂથો**

**સમૂહમાં આવવાનો હેતુ : ગૃપ માટે બચત અને લોન ની સરળતા (ફેસિલીટેશન)**




પદાધિકારીઓ (હોદ્દેદારો)

**બેંક એકાઉન્ટ ખોલવા માટે નું ચેક લીસ્ટ**



તમામ પદાધિકારીઓના કેવાયસી



એસએચજી વતી ખાતુ ખોલવા માટે પદાધિકારીઓને અધિકૃત કરતો ઠરાવ




જૂથના તમામ સભ્યોના કેવાયસી

તમને જાણ હોવી જોઈએ કે એસએચજીનું બચત ખાતુ ખોલાવતી વખતે એસએચજી ના તમામ સભ્યોના કેવાયસીની ચકાસણી કરવાની જરૂર નથી. તમામ પદાધિકારીઓની કેવાયસી ચકાસણી પૂરતી રહેશે. જો કે, એસએચજીના ઠરાવમાં એસએચજી વતી ખાતું ખોલવા માટે અધિકૃત પદાધિકારીઓના નામનું સૂચન કરવું જરૂરી છે.

## સંદેશ 2 : માર્જીન અને સિક્યોરીટીના ધોરણો



રોકડ



બેંકમાં બેલેન્સ






સભ્યોને આપેલ લોન

લોન રકમ : ભંડોળ ના 1-4 ગણા. જો ભંડોળ ₹ 10,000/- હોય તો લોન ની રકમ ₹ 10,000/- થી ₹ 40,000/- ની વચ્ચે હોઈ શકે છે.

બેંક તમારા એસએચજી ને તમારા એકંદર ભંડોળ પર આધારિત, લોન મંજુર કરી શકે છે. ધારો કે તમારા એસએચજી પાસે ₹ 10,000/- ભંડોળ હોય (એસએચજી પાસે કેશ બેલેન્સ + બેન્કમાનું સેવિંગ્સ બેલેન્સ + સભ્યોને ધિરાણ ની રકમ, ના રૂપમાં) તો લોનની રકમ ₹ 10,000/- થી ₹ 40,000/- ની વચ્ચે હોઈ શકે છે.

**લોન લેવા માટે એસએચજી પાસેથી કોઇ જ કોલેટરલ સિક્યોરીટી લેવાની નથી**


લોન ની રકમ ભંડોળના ચાર ગણાથી વધારે શક્ય છે, જો

- એસએચજીસ ઘણાં વર્ષોથી સફળતાપૂર્વક કામગીરી કરતાં હોય
- એસએચજીસ એ છેલ્લી લોન સમયસર ચૂકવી દીધેલ હોય
- એસએચજીસ એ ધિરાણ સવલતનો જવાબદારીપૂર્વક ઉપયોગ કર્યો હોય

## સંદેશ 3 : સ્વૈચ્છિક બચત

સામાન્ય રીતે, એસએચજીસના સભ્ય તરીકે, સાપ્તાહિક/પાક્ષિક/માસિક એસએચજીસ બેઠકોમાં તમે ફરજિયાત બચત તરીકે નિશ્ચિત રકમનો ફાળો આપશો. તમારી કમાણી કરવાની ક્ષમતા અને બચત કરવાની ક્ષમતા સમય જતાં નોંધપાત્ર રીતે વધશે અને તે જૂથના અન્ય સભ્યોથી જુદી હોઇ શકે છે. તમે સ્વેચ્છાએ, અન્ય સભ્યો ફાળો આપે છે તે બચતની ચોક્કસ રકમ કરતાં વધુ યોગદાન આપી શકો છો.

જૂથના વ્યક્તિગત સભ્યના બે બચત યોગદાન હોઇ શકે છે, જૂથ દ્વારા નક્કી કરેલું અને બીજું સ્વૈચ્છિક



**ફરજિયાત બચત**

જૂથ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ યોગદાન છે

**સ્વૈચ્છિક યોગદાન**

જો આવક ગ્રુપનાં અન્ય સભ્યોની આવક કરતાં વધારે હોય તો

તમે તમારી વધારાની રકમ જમા કરીને એક બેઝીક વ્યક્તિગત બેંક ખાતુ ખોલી શકો/પુનઃ સક્રિય કરી શકો છો જેથી ભવિષ્યમાં તમારા આયોજિત ખર્ચને આવી બચતમાંથી પહોંચી વળાય. વૈકલ્પિક રીત, તમે એસએચએજીની અંદર ફરજિયાત બચત ઉપરાંત સ્વૈચ્છિક બચત સ્વરૂપે જૂથમાં તમારી બાકી રહેલી રકમને પાર્ક કરી શકો છો. તમારે તે સુનિશ્ચિત કરવાની જરૂર છે કે એસએચજી પાસે આનો અલગથી ટ્રેક રહે તે માટે યોગ્ય એકાઉન્ટિંગ સિસ્ટમ છે કે કેમ.

સ્વૈચ્છિક બચત બે રીતે ગણવામાં આવે છે.

1) ગૃપ ભંડોળનો ભાગ નથી તે ;

2) ગૃપ ભંડોળના એક ભાગ તરીકે અને આંતરિક જૂથ ધિરાણ માટે ઉપયોગ થયેલ

ઉપર (2) ના કિસ્સામાં, બેન્ક પાસેથી જૂથ માટે લોન જથ્થાની આકારણી કરવા માટે સ્વૈચ્છિક બચતને પણ ગણવામાં આવશે જે કદાચ તમારા એસએચજી ને લાભ આપશે કારણ કે એસએચજી બેંક પાસેથી વધુ મોટી માત્રમાં લોન મેળવી શકે છે. એસએચજીના સભ્યો સંયુક્તપણે નક્કી કરે છે કે જૂથના સભ્યો દ્વારા થતી સ્વૈચ્છિક બચત, જૂથમાંથી થતી વ્યાજની આવક અથવા ડિવિડંડમાં પ્રમાણસર હિસ્સા માટે પાત્ર છે કે નહીં.

## સંદેશ 4 : એસ એચ જી ના સારા સિદ્ધાંતો - ભાગ 1



### સામયિક બેઠકો

એસએચજીના સભ્યો સભાઓની સામયિકતા નક્કી કરશે. સાપ્તાહિક ધોરણે આવી સભાઓની પ્રાધાન્યતા હોવી જોઇએ પરંતુ જૂથની અનુકૂળતાના આધારે પખવાડિક/માસિક ધોરણે પણ હોઇ શકે છે.

**નિયમિત સભાઓ અને નિયમિત હાજરી :**

નિયમિત જૂથ બેઠકોનું આયોજન અને જૂથ બેઠકોમાં સંપૂર્ણ સહભાગિતા એ એસએચજીની અસરકારકતાને તાકાત આપે છે. આ હાંસલ કરવા માટે, એસએચજીએ નિયમિત મીટિંગ્સ અને ગ્રુપ મીટિંગ્સમાં તમામ સભ્યોની હાજરી પર ખુબજ ભાર મૂકવો જોઇએ. આવી બેઠકો તેમને એકબીજાની નજીક લાવશે કારણ કે તેઓ એકબીજાના પડકારો વધુ સારી રીતે સમજી શકશે.

જૂથની સભાઓમાં બધા સભ્યો દ્વારા સંપૂર્ણ સહભાગિતા જૂથની સ્થિરતાને સરળ બનાવશે, જે તમામના લાભ અને સંતોષ માટે કામગીરી કરવાનું શરૂ કરશે.




### સામયિક બચત

જૂથના સભ્યો સૌથી ગરીબ સભ્યોની ક્ષમતાના આધારે જૂથ સભ્યો દ્વારા સાપ્તાહિક અથવા સામયિક બચતમાં યોગદાન આપવા અંગેનો નિર્ણય લેશે.

કરકસર/ત્રેવડ (નાની બચત) ની આદત એસએચજી માટે મૂળભૂત છે અને તે મજબૂત સામાન્ય ભંડોળના નિર્માણમાં મદદ કરે છે. (લાભઃ શિસ્તબદ્ધ કરકસર ગૃપ ભંડોળને એવા સ્તર પર વધારશે કે કોઇ પણ સભ્યને તેની/તેણીની ઉભરતી જરૂરિયાતો માટે શાહુકાર પર આધાર રાખવો પડશે નહીં. પોતાનાં ભંડોળમાંથી આંતરિક ધિરાણ આવશ્યક જરૂરિયાતો પૂરી કરશે. વધતું જતું ભંડોળ બેંકમાંથી વધુ લોન મેળવવા માટે ગ્રુપને પણ સક્ષમ બનાવશે.)



## નિયમિત આંતરિક ધિરાણ

એક વખત એસએચજીએ બચતના સ્વરૂપમાં મોટી માત્રામાં સંચય કર્યા પછી, દા. ત. આશરે ત્રણ થી છ મહિનાની અવધિ માટે સભ્યોને તેમની બચત સામે ઉભરતી વપરાશ અને પૂરક આવક પેદા કરતી ક્રેડિટ જરૂરિયાતો માટે લોન લેવાની મંજૂરી આપી શકાય છે. સભ્યો દ્વારા અનુભવાતી જરૂરિયાતને અગ્રતાક્રમ આપીને ગ્રુપ ફંડમાંથી સભ્યોને આંતરિક ધિરાણ કરવાનું હાથ ધરાશે.

- શરૂઆતમાં કેટલાક સમય માટે પોતાના સામાન્ય ભંડોળનું સંચાલન કરીને, એસએચજીના સભ્યો માત્ર એકબીજાની નાણાકીય જરૂરિયાતોનું જ ધ્યાન રાખતા નથી પરંતુ નાણાકીય વ્યવસ્થાપન અને મધ્યસ્થી તરીકેના તેમના કૌશલ્યોનો પણ વિકાસ કરે છે.
- સભ્યોને ધિરાણથી એસએચજીના સભ્યોના વ્યાજ દર અને સામયિક લોનના હપ્તા, લોન પાછી મેળવવી, વગેરેના જ્ઞાનમાં વધારો કરવામાં આવે છે.
- હેતુ, રકમ, વ્યાજ દર, ચુકવણીનું પત્રક, વગેરે જૂથ દ્વારા પોતે નક્કી કરવામાં આવે છે.

## સંદેશ 5 : SHGs ના સારા સિદ્ધાંતો - ભાગ II



### નિયમિત ચુકવણી

ધિરાણ અને ઋણ મૂળભૂત રીતે વિશ્વાસ અને ઋણ લેનારની ક્રેડિટ વિશ્વાસનિયતા પર આધારિત છે. સમયસર હપ્તા ચૂકવવા એ ઋણલેનારની ફરજ છે. હપ્તાઓની વિલંબિત ચુકવણી, વધુ વ્યાજ ભરવામાં પરિણમે છે, ખરાબ ક્રેડિટ રેકોર્ડ તરફ દોરી જાય છે અને ખરાબ ક્રેડિટ રેકોર્ડ/સ્કોર્સના કારણે ભાવિ ઋણ મુશ્કેલ બને છે.

### વ્યક્તિગત સભ્યોનો ક્રેડિટ સ્કોર

ક્રેડિટ સ્કોર એ વ્યક્તિની ક્રેડિટ વિશ્વ સનીયતાની આંકડાકીય રીતે મેળવેલી સાંખ્યિક અભિવ્યક્તિ છે, જે ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (સી.આઇ.સી) દ્વારા નક્કી કરાય છે અને બેંકો દ્વારા એવી શક્યતા નક્કી કરવા માટે કે કોઇ વ્યક્તિ તેના દેવાની ચૂકવણી કરશે, ઉપયોગમાં લેવાય છે. ક્રેડિટ સ્કોર્સ, અન્ય વસ્તુઓની સાથે સાથે, વ્યક્તિની પાછલી ક્રેડિટ હિસ્ટરી પર આધારિત છે. તે સંખ્યા 300 અને 900ની વચ્ચે હોય છે - જેટલી મોટી સંખ્યા, વ્યક્તિને તેટલી વધુ ક્રેડીટ વિશ્વાસનીય માનવામાં આવે છે.



## હિસાબો

એ મહત્વનું છે કે એસએચજીમાં તમામ નાણાકીય અને બિન-નાણાકીય વ્યવહારો પારદર્શક હોય. આ બધા સભ્યોમાં ટ્રસ્ટ, પરસ્પર વિશ્વાસ અને આંતર વિશ્વાસને પ્રોત્સાહન આપે છે. હિસાબી ચોપડાઓ અને સભ્યપદ રજિસ્ટર, મિનીટ બુક, હાજરી પત્રક, કેશ બુક વગેરે જેવા અન્ય રેકર્ડસ નિયમિત એન્ટ્રી કરીને અપ ટુ ડેટ રાખવા જોઇએ. સભ્યવાર કરકસર, સ્વૈચ્છિક બચતો અને આંતરિક લોનો સહિતના એસએચજીના તમામ વ્યવહારોની નોંધ કરવી અને તેમને સતત ધોરણે સભ્યોને જણાવીને તે સમજવા માટે સક્ષમ બનાવવા જોઇએ.

લાભો :

1. જૂથ દ્વારા લેવામાં આવેલા તમામ નિર્ણયો સમય સમય પર સભ્યોને જણાવવા જોઇએ, જે ભવિષ્યમાં તેમને વધુ સારા નિર્ણય લેવા માટે સક્ષમ કરે છે.
2. બુકકીપીંગ સભ્યની બચત, લોન, સભ્યોની હાજરી, ગૃપ ફંડ, વસુલાતની ટકાવારી વગેરે જેવી જૂથની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરાવામાં મદદ કરે છે.
3. સભ્યોમાં આત્મવિશ્વાસ અને એકતાના નિર્માણમાં તે મદદ કરે છે.
4. તે જૂથની ક્રેડિટ યોગ્યતા વધારીને સંસ્થાકીય વિકાસને પ્રોત્સાહન આપે છે.
5. તે પોતાની કામગીરીને મોનિટર કરવા માટે જૂથને સક્ષમ કરે છે.
6. સારી બુકકીપીંગ વ્યવસ્થા બેંકો અને અન્ય સંસ્થાઓ પાસેથી લોન જેવા સંસાધનોનો આકર્ષવા માટે જૂથને સક્ષમ કરે છે.
7. સારી બુકકીપીંગ વ્યવસ્થા તેના સભ્યોને નાણાકીય વ્યવહારની પારદર્શિતાને પ્રોત્સાહન આપે છે, જે જૂથની મજબુતી અને ટકાઉપણા તરફ દોરી જાય છે.
8. તે જાહેર સંસ્થાઓની દ્રષ્ટિએ જૂથને માન્યતા અપાવે છે.
9. સારું બુકકીપીંગ જૂથની કામગીરીના રેટિંગમાં મદદ કરે છે.

# લક્ષ્ય વિશિષ્ટ નાણાકીય શિક્ષણ સામગ્રી

રિઝર્વ બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, શ્રી દિપક મોહંતીની અધ્યક્ષતા હેઠળ નાણાકીય સમાવેશના મીડીમય ટર્મ પાથ પરની સમિતિની ભલામણોમાંની એક, નાણાકીય શિક્ષણ માટેનો 'વન સાઇઝ ફીટસ ઓલ' અભિગમ આદર્શ કરતાં ઓછો હોઈ શકે છે કારણ કે વિવિધ લક્ષ્ય જૂથોને વિવિધ પ્રકારના નાણાકીય શિક્ષણની જરૂર છે, પરિણામે, સામગ્રીને વિવિધ લક્ષ્ય જૂથો માટે કસ્ટમાઇઝ કરવાની જરૂર છે.

ભારતીય રિઝર્વ બેન્કનાં ધ ફાઇનાન્સિયલ ઇન્કલુઝન અને ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, પાંચ અલગ અલગ લક્ષ્ય જૂથો માટે વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા સામગ્રી સાથે આવ્યું છે એટલે કે ખેડૂતો, નાના સાહસિકો, સ્કૂલનાં બાળકો, સ્વ સહાય જૂથો (એસએચજી) અને વરિષ્ટ નાગરિકો. આ પુસ્તક વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા વિષયવસ્તુ પર પાંચ પુસ્તકોની શ્રેણીમાનું એક છે.

**ડિસ્કલેઇમર**

વાચકને નાણાકીય રીતે શિક્ષિત બનાવવાના હેતુથી આ પુસ્તક 'વાંચન અને શિક્ષણ સામગ્રી' તરીક રજૂ કરવામાં આવ્યું છે તેનો હેતુ કોઇ ચોક્કસ નાણાકીય ઉત્પાદન/સેવા અથવા સેવાઓના સંબંધમા નિર્ણય કરવા વાચકને પ્રભાવિત કરવાનો નથી.

**કોપિરાઇટ**

પ્રથમ આવૃત્તિ - એપ્રિલ 2018

સ્ત્રોતનો સ્વીકાર કરવામાં આવે તો પુનઃપ્રકાશનની પરવાનગી છે.

**લિખિત અને પ્રકાશિતઃ**

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ

ભારતીય રિઝર્વ બેંક,

10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,

શહીદ ભગતસિંહ માર્ગ,

ફોર્ટ-મુંબઇ

**સ્વીકૃતિઓ**

ડિઝાઇનઃકૌશિક રામચંદ્રન

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**
**ભારતીય રિઝર્વ બેન્ક**
10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,
મુંબઇ 400001, ભારત